*બિનસરકારી અનુદાનિત માધ્યમિક- ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-*
*૨૦૨૧ ના ફક્ત દિવ્યાંગ (PwD) ઉમેદવારો માટેની સૂચનાઓ*

=====================================================================================

- ભરતી સમિતિ દ્વારા બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી વર્ષ:2021 જાહેરાતક્રમાંક: 1/2021 થી 18/2021 અને માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી વર્ષ:2021 જાહેરાતક્રમાંક: 19/2021 થી 26/2021 સંદર્ભે નામ.હાઇકોર્ટમાં દાખલ થયેલ LPA No. 1358/2025 in SCA no. 3226/21 & LPA No. 8/2026 and other matters પરત્વે માન.એડવોકેટ જનરલશ્રીની સૂચના અન્વયે આ ભરતીના દિવ્યાંગ ઉમેદવારોનું ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરવા અંગે ભરતી સમિતિ દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે.
- જે અનુસંધાને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી વર્ષ–૨૦૨૧ના દિવ્યાંગ ઉમેદવારોને ઉપરોક્ત કોર્ટકેસ સંદર્ભે જો નિમણૂક મળવાપાત્ર થાય તો તે માટે મેરીટયાદી તૈયાર કરવા સંદર્ભે સદર ભરતીમાં અરજી કરનાર તમામ દિવ્યાંગ ઉમેદવારોએ **તા.07/04/2026 થી તા.08/04/2026 દરમિયાન** કચેરી સમય દરમિયાન તેઓના વર્ષ:2021 ભરતીના અરજીપત્રકમાં પસંદગી દર્શાવેલ જિલ્લામાં નિયત સ્થળે ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવાનું રહેશે.
- વર્ષ:2021 ની ભરતીની જાહેરાત અનુસંધાને એટલે કે અરજીમાં દર્શાવ્યા મુજબના તમામ પ્રમાણપત્રો, લાયકાતો તથા અન્ય આધારો રજૂ કરવાના રહેશે. ત્યારબાદ મેળવેલ લાયકાતો માન્ય રહેશે નહિ. જાતિ/ક્રિમીલેયર/ દિવ્યાંગતા પ્રમાણપત્ર જે તે વખતની સ્થિતિએ માન્ય હોવા જોઇશે. જો ઉમેદવાર પાસે અરજીપત્રક ઉપલબ્ધ ન હોય તો ડોક્યુમેન્ટ વેરિફિકેશન વખતે જિલ્લા કક્ષાએથી મેળવી શકાશે.
- આ પ્રક્રિયામાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવનાર ઉમેદવાર નિમણૂક મેળવવા માટે કોઇ હક દાવો કરી શકશે નહિ.
- અન્યત્ર નિમણૂક મેળવેલ હોય તેવા અથવા આ પ્રક્રિયામાં ભાગ લેવા ઇચ્છતા ના હોય તેવા ઉમેદવારોએ ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવું જરૂરી નથી.
- ઉક્ત ભરતી–2021માં શાળા ફાળવણી થઇ ગયેલ હોય તેવા ઉમેદવારોએ ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવાનું નથી.
- નામદાર હાઇકોર્ટના અંતિમ ચૂકાદાને આધિન કાર્યવાહી કરવાની થાય તો ખાલી જગ્યાઓ મુજબ તેમજ ડોક્યુમેન્ટ વેરિફિકેશન બાદ માધ્યમવાર/ વિષયવાર /દિવ્યાંગતા કેટેગરીવાર ફાઇનલ મેરીટયાદી તૈયાર થયા બાદ મેરીટક્રમ મુજબ આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.
- ડોક્યુમેન્ટ વેરિફિકેશન પ્રક્રિયામાં ગેરહાજર રહેનાર ઉમેદવારનો મેરીટયાદીમાં સમાવેશ થશે નહિ.
- ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવા ઇચ્છતા ઉમેદવારે www.gserc.in વેબસાઇટ પર વર્ષ:2021 ભરતીના દિવ્યાંગ ઉમેદવારોની યાદી ડાઉનલોડ કરી તેમાં દર્શાવેલા prefered District માં નિયત કરવામાં આવેલ સ્થળે **તા.07/04/2026 થી તા.08/04/2026 દરમિયાન** ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવાનું રહેશે.જિલ્લાના ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટેના સ્થળો આ સાથે સામેલ છે.
- **નિયત નમૂનાના એફિડેવિટને સ્થાને સ્વ–ઘોષણાપત્રના નમૂનામાં જ ઉમેદવારે પોતાની સહી વાળુ સ્વઘોષણા પત્ર રજૂ કરવાનું રહેશે. એન.ઓ.સી. અરજી કરતી વખતનું રજૂ કરવાનું રહેશે. અત્યારનું એન.ઓ.સી. રજૂ કરવાનું રહેશે નહી.**
- ઉમેદવારોએ ડોક્યુમેન્ટ વેરિફિકેશન અંગેની અન્ય સૂચનાઓ માટે વેબસાઇટ જોતા રહેવા વિનંતી છે.
- જો કોઇ ઉમેદવાર રૂબરૂ ઉપસ્થિત રહી ન શકે તેમ હોય અને ગેરહાજરી માટે વાજબી કારણો હોય તો ઓથોરીટી લેટર (અધિકાર પત્ર) અને ગેરહાજરી માટે યોગ્ય સાધનિક પુરાવા સાથે પોતાના વતી પ્રતિનિધિને હાજર રાખી ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવી શકશે.

*તા. 07/04/2026 થી તા.08/04/2026 દરમિયાન કચેરી સમય દરમિયાન ડોક્યુમેન્ટ વેરિફીકેશન (DV) કરાવવાનું રહેશે.* જેમાં નીચેની સૂચનાઓ મુજબ જરૂરી **ગુણપત્રકો/પ્રમાણપત્રો/અન્ય આધાર** પુરાવા 2021 ની ભરતી અનુસંધાને એટલે કે તે વખતની સ્થિતીના રજુ કરવાના રહેશે.

1. હાલ સરકારી/ગ્રાન્ટેડ સંસ્થામાં ફરજ બજાવતા કર્મચારીઓએ અત્યારનું એન.ઓ.સી. રજૂ કરવાનું નથી પરંતુ તા.૧૪/૦૧/૨૦૨૧ ની જાહેરાત સમયે સંબંધિત નિમણુક સત્તા મંડળ પાસેથી જાહેરાતની તારીખથી અરજી કરવાની અંતિમ તારીખ દરમિયાન મેળવેલ અત્રેથી સુચવ્યા મુજબના નિયત નમૂનાનુ એન.ઓ.સી. રજુ કરવાનું રહેશે.( અરજી કરતી વખતે નોકરી કરતા હોય અને મેળવેલ હોય તે રજૂ કરવુ )
2. નામ/અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સોગંદનામું / સરકારી ગેઝેટની નકલ(નામમાં મોટો તફાવત હોય તેવા કિસ્સામાં) / પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ
3. જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.
4. અનામત વર્ગ (અનુ.જાતિ, અનુ.જનજાતિ, અને સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે સમક્ષ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ
5. શારીરિક અશક્તતા પ્રમાણપત્ર સા.વ.વિ.ના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરિપત્ર મુજબનું નિયત નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવિલ સર્જન/ મેડીકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર
6. માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુકની નકલ અને પ્રમાણપત્ર
7. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ (ઉમેદવારો માટેની સુચનાઓમાં દર્શાવ્યા મુજબ નિયત સમયગાળાનું ગુજરાતી નમુના મુજબનું પરિશિષ્ટ-ક/ પરિશિષ્ટ- ૪ ના નમુનામા તથા સદર ભરતીની ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ તારીખનું જ) નોન ક્રિમિલિયર પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. પરિશિષ્ટ-ક/ પરિશિષ્ટ- ૪ ના વિકલ્પે અન્ય કોઇ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહીં. અંગ્રેજીમાં **Annexure-A** (જે કેન્દ્ર સરકારની ભરતી કે સંસ્થાઓ માટે છે) તે માન્ય રાખવામાં આવશે નહીં. પરણિત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેઓની માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજુ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહીં.
8. **EWS** (આર્થિક રીતે નબળા) ઉમેદવારોએ સામાજિક અને ન્યાય અધિકારિતા વિભાગના તા.૧૩/૦૯/૧૯ ના ઠરાવની જોગવાઈ મુજબ પરિશિષ્ટ-ગ માં તથા સદર ભરતીની ઓનલાઇન અરજીમાં દર્શાવેલ તારીખનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
9. કમ્પ્યુટરની લાયકાત અન્વયે જે ઉમેદવારો ધોરણ – ૧૦/ધોરણ –૧૨/સ્નાતક/અનુ સ્નાતક કક્ષાએ કમ્પ્યુટર વિષય તરીકે પાસ કરેલ હોય તેવા ઉમેદવારોએ તે માર્કશીટ રજુ કરવી. અન્યથા સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ મુજબ સદર ભરતીની ઓનલાઇન અરજીમાં દર્શાવેલ તારીખનું પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે. (ઠરાવ વેબસાઇટ પર ઉપલબ્ધ છે)
10. ટાટ પરીક્ષાની માર્કશીટ
11. શૈક્ષણિક સ્નાતક (બધા જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક)
12. શૈક્ષણિક સ્નાતક પદવી પ્રમાણપત્ર
13. શૈક્ષણિક સ્નાતકનું ટ્રાયલ સર્ટી
14. કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/યુનિવર્સિટીનું પ્રમાણપત્ર (જે ઉમેદવારોની માર્કશીટમા માત્ર **CGPA/CPI/GRAD** દર્શાવેલ હોય તેમના માટે)
15. શૈક્ષણિક અનુસ્નાતક (બધા જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક)
16. શૈક્ષણિક અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર

17. શૈક્ષણિક અનુસ્નાતકનું ટ્રાયલ સર્ટી
18. કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/યુનિવર્સિટીનું પ્રમાણપત્ર (જે ઉમેદવારોની માર્કશીટમા માત્ર CGPA/CPI/GRAD દર્શાવેલ હોય તેમના માટે)
19. વ્યાવસાયિક સ્નાતક (બધા જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક)
20. વ્યાવસાયિક સ્નાતક પદવી પ્રમાણપત્ર
21. વ્યાવસાયિક સ્નાતકનું ટ્રાયલ સર્ટી
22. કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/યુનિવર્સિટીનું પ્રમાણપત્ર (જે ઉમેદવારોની માર્કશીટમા માત્ર CGPA/CPI/GRAD દર્શાવેલ હોય તેમના માટે)
23. જે કોલેજમાંથી વ્યાવસાયિક સ્નાતકની લાયકાત મેળવેલ હોય તે કોલેજ NCTE/RCI માન્ય હોવા અંગેનું પ્રમાણપત્ર
24. વ્યાવસાયિક અનુસ્નાતક (બધા જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક) (જો લાગુ પડતુ હોય તો)
25. વ્યાવસાયિક અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો)
26. વ્યાવસાયિક અનુસ્નાતકનું ટ્રાયલ સર્ટી (જો લાગુ પડતુ હોય તો)
27. કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/યુનિવર્સિટીનું પ્રમાણપત્ર (જે ઉમેદવારોની માર્કશીટમા માત્ર CGPA/CPI/GRAD દર્શાવેલ હોય તેમના માટે) (જો લાગુ પડતુ હોય તો)
28. જે કોલેજમાંથી વ્યાવસાયિક અનુસ્નાતકની લાયકાત મેળવેલ હોય તે કોલેજ NCTE/RCI માન્ય હોવા અંગેનું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો)
29. જે મહિલા ઉમેદવારો વિધવા મહિલા કેટેગરીનો લાભ મેળવવા ઇચ્છતા હોય તેઓએ વિધવા હોવા અંગેનુ અરજી કરવાની તારીખ પૂર્વેનુ સંબંધિત સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
30. ગુજરાત રાજ્યમાં આવેલી અને અગાઉ એસ.એન.ડી.ટી સાથે જોડાણ ધરાવતી કોલેજામાંથી વર્ષ-૨૦૧૨ પછી લાયકાત મેળવેલ હોય તેવા ઉમેદવારોએ તે કોલેજે ગુજરાતની કોઈ પણ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવ્યા અંગેનો આધાર રજુ કરવાનો રહેશે. ગુજરાત રાજ્યમાં આવેલી અને અગાઉ એસ.એન.ડી.ટી સાથે જોડાણ ધરાવતી કોલેજામાંથી વર્ષ-૨૦૧૨ પછી લાયકાત મેળવેલ હોય તેવા ઉમેદવારોએ તે કોલેજે ગુજરાતની કોઈ પણ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવ્યા અંગેનો આધાર રજુ કરવાનો રહેશે.
31. ઉપરોક્ત લાયકાતો પૈકી જે લાયકાતો રાજ્ય બહારની યુનિવર્સિટિમાંથી મેળવેલ હોય તે લાયકાતો અન્વયે નીચે મુજબના આધારો રજુ કરવાના રહેશે.
    a. અન્ય રાજ્યમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનું સ્થળાંતર પ્રમાણપત્ર (માઈગ્રેશનસર્ટી) ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.
    b. અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સીટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.
    c. અન્ય રાજ્યની કોલેજ અથવા યુનિવર્સીટીનું બોનાફાઈડ પ્રમાણપત્ર.
    d. અભ્યાસ દરમિયાન જ્યાં રહેઠાણ હોય તેનો પુરાવો, હોસ્ટેલમાં રહેઠાણ હોય તો હોસ્ટેલ ફી ભર્યાની પાવતી.
    e. પરીક્ષા જે સ્થળે આપેલ હોય તે સ્થળની હોલ ટીકીટ.
    f. અભ્યાસ કરેલ કોલેજ યુનિવર્સીટી પાસેથી મેળવેલ જોડાણની નકલ અથવા માન્યતાની નકલ.
    g. માન. યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની લાયકાત રેગ્યુલર અભ્યાસક્રમ (નિયમીત અભ્યાસક્રમ)થી મેળવેલ છે. તે અંગે યુનિવર્સિટી રજીસ્ટારનું પ્રમાણપત્ર.
    h. ઉપરોક્ત પુરાવા સિવાયનો અન્ય કોઈ પુરાવો હોય તો તે

*32. નોન ક્રિમીલીયર/ઇ.ડબલ્યુ.એસ./વિધવા પ્રમાણપત્ર તેમજ અન્ય તમામ આનુસંગિક આધાર પુરાવાઓ સરકારશ્રીના સંબંધિત ઠરાવો અને ધારાધોરણની જોગવાઇઓ મુજબ સદર ભરતીની જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખે માન્ય હોય તેવા જ પ્રમાણપત્રો/આધારો/દસ્તાવેજો ગ્રાહ્ય રાખવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.*

*33. નિયત નમૂનાના સ્વઘોષણા પત્રો ઉમેદવારે પોતાની સહીથી રજૂ કરવાના રહેશે. હાલ એફિડેવીટ રજૂ કરવાના નથી. ભરતી સમિતિ તરફથી સૂચવવામાં આવે ત્યારે એફિડેવિટ રજૂ કરવાના રહેશે.*

*(૧) કોઈ પણ સરકારી વિભાગમાં ફરજ બજાવતા ન હોય તેવા/કરાર આધારિત નિમણૂક ધરાવતા ઉમેદવારોએ રજૂ કરવાનું સ્વ-ઘોષણાપત્ર*

*(૨) સરકારી/અનુદાનિત શાળામાં પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ઉમેદવારોએ રજૂ કરવાના સ્વ-ઘોષણાપત્રનો નમૂનો.*

*(3) જે ઉમેદવારો શિક્ષણ વિભાગ સિવાય સરકારના અન્ય વિભાગ હેઠળ કે બોર્ડ /નિગમમાં ફરજ બજાવે છે તેઓએ રજૂ કરવાના સ્વ ઘોષણાપત્રનો નમૂનો.*

- **નિયત નમૂના તથા ડોક્યુમેન્ટ વેરીફીકેશન સ્થળ આ સાથે સામેલ છે.**

તા. 01/04/2026

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શૈક્ષણિક સ્ટાફ માટેની ભરતી પસંદગી સમિતિ

# બિનસરકારી માધ્યમિક–ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી વર્ષ–૨૦૨૧ ના દિવ્યાંગ ઉમેદવારોનું ડોક્યુમેન્ટ વેરીફીકેશન

## કોઈ પણ સરકારી વિભાગમાં ફરજ બજાવતા ન હોય તેવા/કરાર આધારિત નિમણૂક ધરાવતા ઉમેદવારોએ રજૂ કરવાનું સ્વ–ઘોષણાપત્ર

(નોંધ – નીચે મુજબનું નિયત નમૂનાનું સ્વ-ઘોષણાપત્ર સાદા કાગળ પર રજૂ કરવાનું રહેશે.)

## સ્વ–ઘોષણાપત્ર

અમો નીચે સહી કરનાર.............................................................................ઉ.વ.........
ધર્મે...................રહે............................................................................. નાં તે અમારા ધર્મના સોગંદ પૂર્વક જણાવીએ છીએ કે,

૧. અમોએ તા.૧૪/૦૧/૨૦૨૧ના રોજ વર્તમાનપત્રોમાં આવેલ રજિસ્ટર્ડ બિનસરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી અંગેની જાહેરાત અન્વયે ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં................માધ્યમની................વિષયની જગ્યા માટે ઉમેદવારી નોંધાવેલ છે. અમારો અરજી ફોર્મ નં................ છે.

૨. સદર ભરતીમાં ઉમેદવારી નોંધાવવા બાબતે અમોએ ઓનલાઈન આવેદનપત્રમાં દર્શાવેલ તમામ વિગતો ખરી અને સાચી છે.

૩. અમો હાલ શિક્ષણ વિભાગ હેઠળની સરકારી કે અનુદાનિત પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં કે અન્ય કોઈ પણ સરકારી વિભાગમાં નિયમિત નિમણૂકથી ફરજ બજાવતા નથી.

૪. અમો હાલ સરકારી કે અનુદાનિત પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં કે અન્ય કોઈ પણ સરકારી વિભાગમાં નિયમિત નિમણૂકથી ફરજ બજાવતા હોવાની વિગતો ભરતી સમિતિ સમક્ષ જાહેર થશે તો તે માટે ભરતી સમિતિ મારી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી શકશે તથા ભરતીના કોઈ પણ તબક્કે અમારી ઉમેદવારી / નિમણૂંક સમાપ્ત કરી શકશે

ઉપર જણાવેલ તમામ વિગતો અમારા જાણવા અને માનવા મુજબ ખરી અને સાચી છે.

સ્થળ: - .......................  ઉમેદવારનું નામ:- .......................

તારીખ:- .......................  સહિ:- .......................

# બિનસરકારી માધ્યમિક–ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી વર્ષ–૨૦૨૧ ના દિવ્યાંગ ઉમેદવારોનું ડોક્યુમેન્ટ વેરીફીકેશન

**સરકારી/અનુદાનિત શાળામાં પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ઉમેદવારોએ રજૂ કરવાના સ્વ–ઘોષણાપત્રનો નમૂનો.**

## સ્વ–ઘોષણાપત્ર

અમો નીચે સહી કરનાર..........................................................................................ઉ.વ......... ધર્મે..................ધંધો..................રહે...................................................................... નાં તે અમારા ધર્મના સોગંદ પૂર્વક જણાવીએ છીએ કે,

૧.અમો હાલ..................જિલ્લાની ..............તાલુકાની .....................ગામની સરકારી/અનુદાનિત...........................................શાળામાં પ્રાથમિક /માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં તારીખ .......................ના રોજથી ફરજ બજાવીએ છીએ.

૨.અમોએ તા.૧૪/૦૧/૨૦૨૧ની વર્તમાનપત્રોમાં આવેલ બિનસરકારી અનુદાનિત માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી અંગેની જાહેરાત અન્વયે માધ્યમિક/ઉચ્ચતર વિભાગમાં.............................વિષયની જગ્યા માટે ઉમેદવારી નોંધાવેલ છે. અમારો અરજી ફોર્મ નં................ છે.

૩. સદર ભરતીમાં ઉમેદવારી નોંધાવવા બાબતે અમોએ ઓનલાઈન આવેદનપત્રમાં દર્શાવેલ તમામ વિગતો ખરી અને સાચી છે.

૪.સદર ભરતી પ્રક્રિયા અન્વયે ભરતી સમિતિ દ્વારા અમારા મેરીટ કમ પ્રેફરન્સના ધોરણે અમોને ફાળવવામાં આવનાર કોઇપણ શાળામાં અમો હાજર થઇશું અને જો હાજર નહી થઇએ તો બાળકોના શૈક્ષણિક કાર્યમાં સુધારણાના હેતુથી સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રક્રિયાની સુચારૂ કાર્યવાહીમાં અવરોધ ઊભો કરવા તેમજ બેરોજગાર ઉમેદવારોને રોજગારીની તકથી વંચિત રાખી સરકારશ્રીના શિક્ષિત નાગરીકોને રોજગારી પૂરી પાડવાના લક્ષમાં અવરોધ ઉભો કરવા બદલ અમારા પોતાના મસિક પગાર માંથી રૂ.૫૦૦૦/– લેખે ૪૦ માસ માટે એમ કુલ રૂ. ૨,૦૦,૦૦૦/–(બે લાખ રૂપિયા પુરા)સરકારશ્રીના સંબંધિત સદરે અમારી નોકરી સ્થળના જિલ્લાના સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા અમારા પગારમાંથી કપાત કરી સરકારશ્રીમાં જમા કરાવવા સંમતિ અને બાંહેધરી આપીએ છીએ તથા જો તેમ કરવામાં નિષ્ફળ જઇશું તો સરકારશ્રી દ્વારા અમારી સેવાઓ બાબતે જે કોઇ નિર્ણય લેવામાં આવશે તે અમોને માન્ય અને બંધનકર્તા રહેશે.

સ્થળ:–...................  નામ:–.........................

તારીખ: –....................  સહિ:–.........................

# બિનસરકારી માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી વર્ષ-૨૦૨૧ ના દિવ્યાંગ ઉમેદવારોનું ડોક્યુમેન્ટ વેરીફીકેશન

## જે ઉમેદવારો શિક્ષણ વિભાગ સિવાય સરકારના અન્ય વિભાગ હેઠળ કે બોર્ડ /નિગમમાં ફરજ બજાવે છે તેઓએ રજૂ કરવાના સ્વ ઘોષણાપત્રનો નમૂનો.

## સ્વ ઘોષણાપત્ર

અમો નીચે સહી કરનાર..............................................................................ઉ.વ.......... ધર્મે.........ધંધો.......રહે.................................................................................. .. નાં તે અમારા ધર્મના સોગંદ પૂર્વક જણાવીએ છીએ કે,

૧. અમોએ તા.૧૪/૦૧/૨૦૨૧ની વર્તમાનપત્રોમાં આવેલ બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી અંગેની જાહેરાત અન્વયે માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં......................વિષયની જગ્યા માટે ઉમેદવારી નોંધાવેલ છે. અમારો અરજી ફોર્મ નં................ છે.

૨. આથી અમો જાહેર કરીએ છીએ કે અમો હાલ કોઈ સરકારી કે અનુદાનિત પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફરજ બજાવતા નથી, પરંતુ અમો.................વિભાગ/નિગમમાં.................. સંવર્ગમાં કાર્યરત છીએ.

૩. અમો હાલ સરકારી કે અનુદાનિત પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફરજ બજાવતા હોવાની વિગતો ભરતી સમિતિ સમક્ષ જાહેર થશે તો તે માટે ભરતી સમિતિ અમારી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી શકશે તથા ભરતીના કોઈ પણ તબક્કે અમારી ઉમેદવારી/નિમણૂંક સમાપ્ત કરી શકશે.

સદર ભરતીમાં ઉમેદવારી નોંધાવવા બાબતે અમોએ ઓનલાઈન આવેદનપત્રમાં દર્શાવેલ તમામ વિગતો અમારા જાણવા અને માનવા મુજબ ખરી અને સાચી છે.

સ્થળ:-.................. નામ:-.........................

તારીખ: -.................... સહિ:-.........................

રાજ્યની બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક તથા માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૧ અન્વયે નામ.હાઈકોર્ટમાં દાખલ થયેલ LPA No.1358/2025 in SCA no.3226/21 & LPA No.8/2026 and other matters સંદર્ભે દિવ્યાંગ ઉમેદવારોના

## ડોક્યુમેન્ટ વેરીફીકેશનના સ્થળ

| ક્રમ | જિલ્લાનું નામ | ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરીફીશન કરાવા માટેનું સ્થળ અને સરનામુ |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,અમદાવાદ શહેર ,બહુમાળી ભવન પ્રથમ માળ.,વસ્ત્રાપુર,અમદાવાદ |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,અમદાવાદ ગ્રામ્ય,બહુમાળી ભવન વસ્ત્રાપુર,અમદાવાદ |
| ૩ | અમરેલી | જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અમરેલી, એ– વિંગ, રૂમ નં. 107 થી 111, બહુમાળી ભવન, અમરેલી |
| ૪ | આણંદ | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,આણંદ બીજો માળ જૂના સેવાસદન રૂમ નં ૨૨૨ થી ૨૨૫ બોરસદ ચોકડી પાસે આણંદ ૩૮૮૦૦૧ PHONE & FAX : 264153 |
| ૫ | અરવલ્લી | શ્રી સી.જી.બુટાલા સર્વોદય હાઈસ્કૂલ, મોડાસા તા.મોડાસા જિ.અરવલ્લી |
| ૬ | બનાસકાંઠા | શ્રીમતી આર.કે.પટેલ કન્યા વિદ્યાલય, પાલનપુર લક્ષ્મીપુરા રેલ્વે ફાટકની પાસે, લક્ષ્મીપુરા, પાલનપુર |
| ૭ | ભરૂચ | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, હોસ્ટેલ ગ્રાઉન્ડ, સેવાશ્રમ રોડ, તા.જી.–ભરુચ. |
| ૮ | ભાવનગર | સરકારી માજીરાજ ગર્લ્સ હાઈસ્કૂલ, હલુરિયા ચોક, ભાવનગર |
| ૯ | બોટાદ | મોડેલ સ્કૂલ, બોટાદ, ખસ રોડ, બોટાદ |

| | | |
|---|---|---|
| ૧૦ | છોટા ઉદેપુર | શ્રી એસ એફ હાઈસ્કુલ છોટાઉદેપુર જિલ્લા સેવા સદન સામે,મુ– તા– જિ. છોટાઉદેપુર |
| ૧૧ | દાહોદ | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,જિલ્લા સેવા સદન બીજો માળ તા.જી.–દાહોદ |
| ૧૨ | ડાંગ | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,આહવા – ડાંગ |
| ૧૩ | દેવભુમિ દ્વારકા | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,જી.વી.જે.સરકારી હાઈસ્કુલ કમ્પાઉન્ડ,<br>સ્ટેશન રોડ–ખંભાલિયા,તા.ખંભાલિયા,જિ.દેવભુમિ દ્વારકા–361305 |
| ૧૪ | ગાંધીનગર | નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીની કચેરી ગાંધીનગર,<br>સહયોગ સંકુલ,બીજો માળ, બી વિંગ,<br>સેકટર–૧૧, ગાંધીનગર |
| ૧૫ | ગીરસોમનાથ | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, C/O:- સરકારી બોયઝ હાઈસ્કુલ, રાજેન્દ્ર ભૂવન રોડ, વેરાવળ. |
| ૧૬ | જામનગર | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી – જામનગર,<br>શ્રી દિગ્વિજયસિંહજી ન્યુ સરકારી હાઈ. સ્કૂલ, બીજો માળ,<br>ખંભાળીયા નાકા બહાર,<br>જામનગર–361005 |
| ૧૭ | જુનાગઢ | ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કુલ, આઝાદ ચોક, જૂનાગઢ |
| ૧૮ | ખેડા | જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી બાલ્કનજીની સામે આરટીઓ કેમ્પસ ની પાસે નડિયાદ ખેડા |
| ૧૯ | કચ્છ | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, આનંદ કોલોની સામે, ભુજ–કચ્છ |
| ૨૦ | મહીસાગર | પંચશીલ હાઈસ્કુલ લુણાવાડા, એસ.ટી.વર્કશોપની સામે લુણાવાડા તા.લુણાવાડા જિ.મહીસાગર |

| | | |
|---|---|---|
| ૨૧ | મહેસાણા | ટી.જે.હાઈસ્કુલ,મહેસાણા |
| ૨૨ | મોરબી | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, મોરબી , c/o હંટર હોસ્ટેલ બિલ્ડીંગ , શક્તિ ચોક જિ.મોરબી |
| ૨૩ | નર્મદા | જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, જિલ્લા સેવા સદન, રાજપીપલા, જિ.નર્મદા |
| ૨૪ | નવસારી | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, નવસારી,જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કમ્પાઉન્ડ,<br>પ્રથમ માળ– બોઈઝ હોસ્ટેલ બિલ્ડીંગ ઈટાળવા, ગણદેવી રોડ,જિ.નવસારી |
| ૨૫ | પંચમહાલ | સરકારી તેલંગ વાણિજ્ય વિદ્યાલય,સિવિલ હોસ્પિટલ પાસે,ગોધરા તા–ગોધરા જિ–પંચમહાલ |
| ૨૬ | પાટણ | એસ એમ દેસાઈ ગોપાલક હાઈસ્કુલ માતરવાડી ટી.બી. ત્રણ રસ્તા નજીક, પાટણ તા.જી.પાટણ |
| ૨૭ | પોરબંદર | સરકારી ભાવસિંહજી હાઈસ્કૂલ, એસ.ટી.રોડ, પોરબંદર. |
| ૨૮ | રાજકોટ | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, પ્રથમ માળ, કરણસિંહજી હાઈસ્કુલ બિલ્ડિંગ, સિટી ગેસ્ટ હાઉસ સામે, રાજકોટ–૩૬૦૦૦૧ |
| ૨૯ | સાબરકાંઠા | શ્રી હિંમત હાઈસ્કૂલ હિંમતનગર ટાવર રોડ ૩૮૩૦૦૧ જિ:–સાબરકાંઠા |
| ૩૦ | સુરત | ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ, નાનપુરા, જિ–સુરત. |
| ૩૧ | સુરેન્દ્રનગર | શેઠ એનટીએમ હાઈસ્કુલ મેળાના મેદાન પાસે. સુરેન્દ્રનગર |

| | | |
|---|---|---|
| **૩૨** | **તાપી** | **દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય, સિવિલ હોસ્પિટલની સામે, ધુલીયા રોડ, તા. વ્યારા, જિ. તાપી** |
| **૩૩** | **વડોદરા** | **જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, વડોદરા** |
| **૩૪** | **વલસાડ** | **જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વલસાડ, C/O શ્રમજીવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, વલસાડ, તિથલ રોડ, જિ.વલસાડ** |